## શ્રી અક્ષરાતિત



## પુરુષોત્તમ ભગવાન (ભાદરણ)

"ભગવાન ભૂલાય એ ભૂલ અને સંભારવા ચુકી જવાય તે ચૂક. નકામા ગપોટા કરતાં દરેક કામમાં પ્રભુનું નામ લેવાય - પેટ ને પેટની પછવાડે વળગ્યાં તેનું પોષણ કરતા ભજન થાય ને આખો દિવસ એવું સ્મરણ થયું તેના અભ્યાસમાં રાત્રે સૂઈ જઈએ તો પણ વગર કર્યું ધ્યાન થાય, તેથી આખો દિવસ આનંદમાં જાય. બીજી લપઝુડ કરવી નહીં. તેમાં કાંઈ ફાયદો નહીં. તેથી રજોગુણ હોય તો કથા-કિર્તન કરવા."

- શ્રી પુરુષોત્તમ ભગવાન.

# પ્રગટ ઉપાસના "પથ દર્શિકા"



શ્રી પ્રગટ પુરુષોત્તમ (સ્વામિનારાયણ સંપ્રદાય)
ભાદરણ સંસ્થાન

**પ્રગટ રૂપે સત્સંગમાં રહું છું રૂડી પેર,**
**અવનીએ અવતાર લઉં નૃપ યોગી વીપ્રને ઘેર;**

**નક્કી ભક્ત સારુ નાથજી અવનીએ રહે છે અખંડ,**
**દુર્મતી દેખે નહિ જેમ પડદા આડુ પંડ;**

પૂ. મહારાજશ્રીએ વાત કરી કે ભગત ફરે (એટલે દ્વાર બદલાયું કહેવાય) પણ ભગવાન ન ફરે ભગવાન તો છે એના એ, શ્રી પ્રગટ પુરુષોત્તમ સહજાનંદ સ્વામી જન્મેલા છે તેના તેજ માટે જેને કલ્યાણ કરવાનો ચાર્જ આપ્યો હોય (કે જે ભક્તમાં સર્વ પ્રકારે પ્રભુનો વાસો હોય પ્ર. ૨૭ પ્રમાણે) તેનાથીજ કલ્યાણ થાય. તે ભાદરણમાં સમૈયામાં પૂ. મહારાજશ્રી વાત કરી કે, ''મેં ૧૩ વર્ષ કુવારી વૃત્તિ રાખી ત્યારે સદ્‌ગુરુ રાજી થયા. ત્યારે પ્રભુ પધરાવ્યા. માટે તેવા સદ્‌ગુરૂનું શરણું લેવું. નહિ તો લક્ષ ચોરાસીના ફેરા ઉભા રહે અને જેને માટે આ મનુષ્ય જીવન છે તે એળે જાય. એજ પૂજ્ય મહારાજશ્રીનો સિદ્ધાંત હતો. માટે પુરુષોત્તમની ઉપાસના એજ કલ્યાણની ચાવી છે.

**- શ્રી પુરુષોત્તમ ભગવાન**

॥ જય શ્રી પ્રગટ પુરુષોત્તમાય નમો નમઃ ॥

# પ્રગટ ઉપાસના ''પથ દર્શિકા''

**શ્રી પ્રગટ પુરુષોત્તમ (સ્વામિનારાયણ સંપ્રદાય)**
**ભાદરણ સંસ્થાન**



''આ દેહ તે હું નથી. હું તો ચૈતન્ય સત્તારૂપ આત્મા છું. તેજોમય છું. બ્રહ્મરૂપ છું. નિર્વિકાર છું. એમ બ્રહ્મનો મનન દ્વારા સંગ કરી તે બ્રહ્મનાં ગુણ જીવમાં લાવવા. આ પ્રગટ ભગવાન છે. તે જ મારા ચૈતન્યને વિશે સદાય બિરાજમાન છે. તેમ જોયા કરવા.''

**- પ્રગટ પુરુષોત્તમ શ્રી ડાહ્યાભાઈ મહારાજ**

**પ્રકાશક** : બ્રહ્મ વિદ્યાપીઠ, પ્રગટ પુરુષોત્તમ મંદિર,
મુ. પો. બાકરોલ, તા. જી. આણંદ (ગુ.)
પીન નં. : ૩૮૮ ૩૧૫. ફોન નં. (૦૨૬૭૨) ૨૩૮૧૭૩

| | | |
|---|---|---|
| સંપાદક | : | શ્રી પ્રગટ પુરુષોત્તમ સ્વામિનારાયણ સંપ્રદાય (ભાદરણ સંસ્થાન) |
| | | સર્વે હક્ક પ્રકાશક સંસ્થાને સ્વાધિન |
| પ્રથમ આવૃત્તિ | : | દેવ દિવાળી સં. ૨૦૬૦ |
| | | તા. ૦૭-૦૮-૧૧-૨૦૦૩ |
| પ્રત | : | ૧૦૦૦ |
| કિંમત | : | ૫-૦૦ |
| પ્રાપ્તિ સ્થાન | : | ૧. શ્રી પુરુષોત્તમ નારાયણ મંદિર, ભાદરણ. |
| | | ૨. શ્રી પ્રગટ પુરુષોત્તમ મંદિર, બાકરોલ. |
| | | ૩. અક્ષર ભુવન-મંદિર, શાહપુર, અમદાવાદ. |
| મુદ્રક | : | વિપુલ પ્રિન્ટર્સ, ૧૪, અડવાણી માર્કેટ, શાહીબાગ રોડ, અમદાવાદ. |

(પ્રગટ પુરુષોત્તમ શ્રી ડાહ્યાભાઈ મહારાજના પ્રાગટ્ય સુવર્ણ જયંતિ મહોત્સવની ઉજવણી નિમિત્તે સને ૨૦૦૩-૨૦૦૪)



## સમર્પણ

શ્રી પ્રગટ પુરુષોત્તમ (ભાદરણ સંસ્થા) ના અક્ષરાતીતની ચાલતી ગાદીના છઠ્ઠા ધર્મધુરા વહન કરનાર પરબ્રહ્મ સ્વરૂપ અક્ષરાતીત પ્રગટ પુરુષોત્તમ શ્રી ડાહ્યાભાઈ મહારાજની પ્રાગટ્ય સુવર્ણ મહોત્સવની ઉજવણી નિમિત્તે પ્રગટ પુરુષોત્તમ ભગવાન સત્સંગ મંડળ તરફથી સંસ્થાના પરિચયરૂપે પ્રગટ ઉપાસના વિશે ''પથ દર્શિકા''નું પ્રકાશન કરી દિવ્ય મૂર્તિની સ્મૃતિ સહ પ્રગટ પ્રભુશ્રીની પ્રસન્નતા અર્થે ચરણ-કમળમાં સમર્પણ કરી આનંદ અનુભવીએ છીએ.

- સંપાદક.

# નિવેદન

દ્વૈત (ભેદ), અદ્વૈત (અભેદ) એમ અનેક મત ધાર્મિક સંપ્રદાયોમાં પ્રવર્તમાન છે. ભગવાન સ્વામિનારાયણના મતે દ્વૈત અને અદ્વૈત એમ બે મતમાં પણ અભેદ (અદ્વૈત) ની વિશેષતા ભેદ (દ્વૈત) કરતાં વધારે છે. પરબ્રહ્મ સર્વોચ્ચ આધ્યાત્મિક તત્ત્વ છે. તેઓ એક અને અદ્વિતીય છે. તેમના જેવું થવાને કોઈ બીજું સમર્થ નથી. પણ તેનો અર્થ એ નથી કે તેમના સિવાય બીજું બધુંજ મિથ્યા હોઈ શકે. પરબ્રહ્મ એક છે પણ જીવ, ઈશ્વર, માયા અને બ્રહ્મ આદિક ચાર તત્ત્વો વિશિષ્ટ છે, પણ આ બધામાં પરબ્રહ્મ સર્વથી વિશિષ્ટ અને એક જ છે. અર્થાત જીવ, ઈશ્વર, માયા અને બ્રહ્મ આ ચાર તત્ત્વોનું કોઈપણ અવસ્થામાં પરબ્રહ્મથી અલગ અસ્તિત્વ નથી તેથી જ વિશિષ્ટાદ્વૈત એટલે કે ચાર તત્ત્વોથી વિશિષ્ટ પરબ્રહ્મ પુરુષોત્તમ એક છે એમ મત અમલી છે.

વિશિષ્ટાદ્વૈત શબ્દનો સમાસ આ રીતે પણ થાય છેકે, કારણ અવસ્થામાં સૂક્ષ્મ, જડ અને ચૈતન્યથી વિશિષ્ટ એવા પરબ્રહ્મ છે, અને કાર્યાવસ્થામાં સ્થૂલ, જડ અને ચૈતન્યથી વિશિષ્ટ એવા પરબ્રહ્મ છે. એ બન્નેનું એકત્ત્વ છે, કારણ અવસ્થાવાળા વિશિષ્ટ પરબ્રહ્મ અને કાર્યાવસ્થામાં વિશિષ્ટ પરબ્રહ્મ, એ બન્ને વિશિષ્ટોનું અદ્વૈત એટલે એકપણું હોવાથી વિશિષ્ટાદ્વૈત કહેવાય છે.

પરબ્રહ્મ પુરુષોત્તમ તથા અનાદિ અક્ષરબ્રહ્મ-અક્ષરમૂર્તિ-અક્ષરધામ એ બે એકજ અને અદ્વિતીય છે, આ બે તત્ત્વો અનાદિના છે અને તેમનાથી ઉપર બીજું કોઈ તત્ત્વ નથી. અક્ષરધામના બે સ્વરૂપો છે. એક સ્વરૂપે ધામરૂપ (સગુણસ્વરૂપ) સ્વયં છે. અને મહારાજ હમેશાં પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણની સેવામાં રહે છે. પરબ્રહ્મનું પોતાના પછી આ મૃત્યુલોકમાં તેમના (શ્રી ગુણાતીતાનંદસ્વામી) દ્વારા પ્રાગટ્ય અખંડ રહે છે. તેમનું માહાત્મ્ય તથા નિશ્ચય એ પરબ્રહ્મની અક્ષરરૂપ થઈ ભક્તિ કરવા માટે દીવાદાંડી સમાન છે.

અક્ષરધામમાં એક માત્ર ચૈતન્યની જ ભૂમિકા છે અર્થાત્ ત્યાં કોઈ બાગ-બગીચા, પર્વતો, સમુદ્ર, મહેલો એવું કાંઈ નથી ત્યાં માત્ર ચિદાકાશ, નિર્ગુણ તેજ જ છે. તેમ છતાં મહારાજશ્રી પોતાની ઈચ્છામાં સર્વનું સર્જન કરવા એકમાત્ર પોતે જ સમર્થ છે. પરબ્રહ્મ, અક્ષરબ્રહ્મ તથા બ્રહ્મ એવા સર્વ અક્ષરમુક્તો તે સદા દિવ્ય, દ્વિભુજ પુરુષાકાર સ્વરૂપે હોય છે, ત્યાં સ્ત્રી-પુરુષ ભેદ, દિવ્ય દંપતી નથી. અક્ષરધામમાં સદાય પરબ્રહ્મ પુરુષોત્તમની એટલે કે, અક્ષરરૂપ થઈ ભક્તિ કરવા માટે માત્ર બે જ ચરણની ઉપાસના છે.

અક્ષરધામમાં અક્ષરમુક્તોને મહારાજની મૂર્તિનું સુખ લેવું એજ ભક્તિ છે. અક્ષરમુક્ત બીજી કોઈ રીતે (પ્રસાદી કે ઉપયોગી સાધનદેહ) ધરીને અથવા પૂજાસામગ્રીથી મહારાજની પૂજા - અર્ચન કરી શકતો નથી. પરંતુ પરબ્રહ્મની ઈચ્છા હોય તો જ આ બધી



સેવા સંભવે છે.

પરબ્રહ્મનાં સંકલ્પ માત્રથી, તેમની ઈચ્છા અક્ષરબ્રહ્મ પરબ્રહ્મના અનુપ્રવેશથી જ કોઈ એક જ અક્ષરમુક્તને પ્રકૃતિ સાથે જોડાવાનું આમંત્રણ પાઠવે છે અને સમગ્ર પૃથ્વીનું નવસર્જન કરવાની આજ્ઞા કરે છે અને એ રીતે સમગ્ર સૃષ્ટિની શરૂઆત થાય છે.

સૃષ્ટિનું સર્જન કરી જ્યાં જેવું કાર્ય તે મુજબ યુગે યુગે અવતાર ધારણ કરાવે છે. પોતાના અક્ષરધામ પ્રથમથી નીચેના ગૌલોકાદિક ધામના મુક્તો ને ઐશ્વર્ય સત્તા આપી મોકલ્યા, જે તે અવતાર જે કાર્ય માટે પધાર્યા હતા. તે માટે પોતે નટખટ લીલા કરી સંકલ્પ કરી પોતે તે કાર્યમાં ભળીને કરવા રૂપ કાર્યને પાર કરી અવતાર કાર્ય પૂર્ણ કરી અંતર્ધ્યાન થાય.

આદિ અનાદિ પુરુષોત્તમનારાયણ ભગવાન ગૌલોકાદિક સર્વે ધામના અવતારોની અવધી બાદ અનંત દેવો તથા અવતારોની પાર્થનાને ધ્યાને લઈ છેલ્લે કળિકાળમાં મૃત્યુલોકમાં પધાર્યાનો સંકલ્પ કર્યો ને પોતે સર્વોપરી નટવર એવા પુરુષોત્તમ ભગવાન દુર્વાસાઋષિનો શ્રાપ ગ્રહણ કરવું વગેરે નરનાટક કરી સ્વતંત્ર થકા પોતાનું સમગ્ર ઐશ્વય સહિત ને અક્ષરધામ, અક્ષરધામના મુક્તો અને ગૌલોકાદિક ધામોના અવતારો અને તેતે ધામના મુક્તો સહિત અનંત જીવોના કલ્યાણ અર્થે પધાર્યા.

પોતે સ્વધામ જવા અંતર્ધ્યાન થયા ત્યારે પોતાની સાથે લાવેલા મૂળ અક્ષરધામ સ્વરૂપ ગુણાતીતાનંદ સ્વામીને પુરુષોત્તમપણું સોપ્યું. તેમના પછીની ગુરુપરંપરામાં પણ પોતાનાં અક્ષરધામના જ મુક્તમાં સ્વયં પુરુષોત્તમ દિવ્ય સાકાર સ્વરૂપે વિચર્યા, આમ સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામી પછી મહુવા ના ગૃહસ્થ પ્રાગજી મહારાજ દ્વારે વિચર્યા ત્યારપછી ગુજરાતમાં ચરોતરની ભૂમિ એવા ભાદરણના ગૃહસ્થ પાટીદાર પુરુષોત્તમ મહારાજ દ્વારે પૂર્ણ કળાએ દિવ્ય પ્રતાપ દેખાડયો. તે પછી શ્રીનારાયણ મુનિમહારાજ દ્વારે પ્રગટ થતાં ભાદરણ ભૂમિમાં ઠરી ઠામ થયા. અને ત્યારબાદ સને ૧૯૫૪માં બાકરોલ નિવાસી શ્રી ડાહ્યાભાઈ મહારાજ દ્વારે પ્રગટ સ્વરૂપે વિચરી ભક્તોના મનોરથો પુરા કર્યા. હાલની વિશેષતા એ છે કે બાકરોલ મુકામે પ્રગટ પુરુષોત્તમ મંદિરમાં દિવ્ય મૂર્તિમાં પુરુષોત્તમ ભગવાનનું પરબ્રહ્મ સ્વરૂપનું પ્રત્યક્ષપણું શાક્ષાત છે. જે સત્સંગ મંડળ માટે અત્યંત ગૌરવની વાત છે.

જયશ્રી પ્રગટ પુરુષોત્તમ....

- પ્રકાશક

# અનુક્રમણિકા

૧. મંગલા ચરણ ............................................................ ૪
૨. સંસ્થા સંક્ષિપ્ત પરિચય........................................................ ૫
૩. પ્રગટ પુરુષોત્તમ ભગવાનનું પ્રગટપણું હોય ત્યાંની વિશેષતા........ ૧૦
૪. પ્રગટ પુરુષોત્તમ ભગવાનના મુક્તોની વિશેષતા............................ ૧૧
૫. સિધ્ધાંત રૂપ - રહસ્યમય વાત...................................................... ૧૨
(અનાદિ પુરુષોત્તમ નામ માહાત્મ્ય)
૬. પ્રગટ પુરુષોત્તમ ભગવાન (ભાદરણ સંસ્થા) ની વિશેષતા ......... ૧૩
૭. જાણવા જેવું.......................................................................... ૧૪
૮. શ્રી પુરુષોત્તમ મહારાજની આજ્ઞા કંકોત્રી ................................ ૧૮
૯. સમૈયા (ઉત્સવ) ની યાદી ........................................................ ૧૮



# મંગલાચરણ

(શાર્દૂલવીક્રિડીત)

માટે હે પ્રભુજી તમે કરી દયા, બુધ્ધિ મને આપજો,
શાંતિકારી સભા સૌ કરી કૃપા, કષ્ટો બધાં કાપજો;
જેથી હું ગુણ ગાન તો પ્રભુજીના, ગાઉં ઘણી પ્રીતથી,
લીલા પ્રાણપતિ પ્રભુ પ્રગટની, જે થાય બહુ રીતથી. ૧

(દોહરા)

ધામી અક્ષર ધામના રે, સહજાનંદ સુખરૂપ, વાલા,
સદા રહે સત્સંગમાં રે, પ્રગટ પ્રમાણ સ્વરૂપ, વાલા. ૨
ગુણાતીતાનંદ નામના રે, સંત રૂપે ભગવાન, વાલા ;
વિચરી રહ્યા સત્સંગમાં રે, દેવા દર્શન દાન. વાલા. ૩
પ્રાગજી ભક્ત શિરોમણી રે, મહુવા ગામની માંય. વાલા;
તે દ્વારે પ્રભુ વિચર્યા રે, ઓળખાયા નહીં ક્યાંય. વાલા. ૪
પ્રેમે ત્યાંથી પરવર્યા રે, પ્રભુ પુરુષોત્તમ પુર. વાલા;
અનંત જીવને ધામમાં રે, લઈ જવાને જરૂર. વાલા. ૫

(ચોપાઈ)

પેટલાદ પરગણા માંય રે, એક ગામ અનુપમ ત્યાંય રે ;
ભાદરણ ગામ જેનું નામ રે, પ્રભુ રહ્યા છે એ ઠામ રે. ૬
એક યજ્ઞ અતિ સુખકારી રે, ગામ ગઢડા માંહે થયો ભારી રે ;
પૂર્ણાહૂતિ થઈ એની જ્યારે, પુરુષોત્તમમાં આવ્યા પ્રભુ ત્યારે રે. ૭
તે તો ગુરુ પ્રાગજી ને પ્રતાપ રે, રાજી થઈ ગુરુ બોલીયા આપરે ;
પુરાણ સગપણ પુરુષોત્તમ સાથ રે, આજ રાજી થઈ કર્યું નાથરે. ૮
મર્મ વચન કહ્યું ગુરુ રાય રે, સમજાણું નહીં તે જરાયરે;
પ્રગટ પ્રતાપ ઉઘાડો કર્યો રે, મુમુક્ષુ જનોને મન ધર્યો રે. ૯
દૂર દર્શન, દૂર શ્રવણ રે, અક્ષયપાત્ર સમાધિ પ્રકરણ રે;
દિવ્ય ધામો પ્રભુનાં અપાર રે, દેખાડ્યાં પોતે કરી બહુ પ્યારે. ૧૦
દશે દિશામાં ઉડી છે વાત રે, પ્રભુ પ્રગટ્યા છે સાક્ષાતરે;
દીઠાં ઐશ્વર્ય અપરમપાર રે, લખ્યાં જે જે શાસ્ત્ર મોઝાર રે. ૧૧

(તરંગ - ૧ માંથી.)

# સંસ્થા સંક્ષિપ્ત પરિચય

(વૈતાલીયમ્)

"વચનામૃત વાક્ય પાળવાં, શિક્ષાપત્રીના વિચારવાં.
મન કર્મે વચને સદા રહી, ગુરુ પ્રસન્નતા તેજ જાણવી;
અક્ષરના ઈશ રીઝશે, સેવામાં નિજ પાસ રાખશે."

- મુક્તની શિક્ષાપત્રી

(વલણ)

"કેવા પ્રગટને સમજવા, યથા શાસ્ત્ર નિરધાર રે;
વિકલ્પવાળા બોલને, નિર્વિકલ્પ નો સાર રે."

- શ્રી ગુરુજ્ઞાન ગીતા (અ.પ.)



શ્રી સહજાનંદ સ્વામી



શ્રી ગુણાતીતાનંદ સ્વામી

સ્વયં પૂર્ણ પુરુષોત્તમ સહજાનંદસ્વામીએ "સ્વામિનારાયણ સંપ્રદાય" ની સ્થાપના કરીને "સ્વામિનારાયણ" મહામંત્રનું ભજન કરાવ્યું, આશ્રિતજનોને વર્તવાના નિયમો માટે "શિક્ષાપત્રી" રચી તથા વચનામૃત નામનો મહાગ્રંથ રચ્યો જે સંપ્રદાયનો શ્રેષ્ઠ મહાગ્રંથ છે. ભાગવત ધર્મની પુષ્ટિ માટેના પ્રવૃત્તિ ધર્મ અને નિવૃત્તિ ધર્મ બન્ને માર્ગ શ્રેષ્ઠ પ્રકારે પ્રવર્તાવ્યા, પામર, વિષયી, મુક્ત-મુમુક્ષુ તમામ માટે કલ્યાણનો માર્ગ ખુલ્લો કર્યો, પોતે સર્વોપરી હોઈ, દેશના ખૂણે ખૂણે વસતા અધર્મીઓ, પાખંડીઓ, રાક્ષસો ને ફક્ત સંકલ્પ માત્રથી વશ કરી સત્સંગી કર્યા, અનંત ધર્મના અનુયાયીઓને પોતપોતાના ઈષ્ટ દેવના દર્શન કરાવ્યા. સ્વામી ભાવે પોતામાં જોડી લીન થતા બતાવ્યા ને ધ્યાન-ધારણા સમાધી રૂપ ચમત્કાર બતાવી સત્સંગી કર્યા. આમ પ્રવૃત્તિ ધર્મ માર્ગ એટલે ઈંટોના દેવળ (મંદિર) બનાવવા અને મૂર્તિ પધરાવવી, બાગ બગીચા બનાવવા તથા સંપ્રદાયના શાસ્ત્ર છપાવવા ને તેનો પ્રચાર-પ્રસાર કરવો. જ્યારે નિવૃત્તિ ધર્મ માર્ગ એટલે "દદા દેહ દેવળમાં દેવ (પ્રભુ) પધરાવવા" મુક્ત-મુમુક્ષુઓને જ્ઞાન આપી, "બ્રહ્મ વિદ્યા" ભણાવવી ને પાત્ર બનાવી અક્ષરધામ ના અધિકારી બનાવવાની રીત પ્રવર્તાવી. સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામીએ પણ બન્ને ધર્મ માર્ગ સાથે ચલાવ્યા. પાછળથી પ્રવૃત્તિ માર્ગથી અકળાઈ ગયા ને કહે જે "આ કારખાનાં તો ગળે ઝાલ્યા છે, ને જે કરવાનું તે થતું નથી." તેમણે શ્રીજી મહારાજનું સર્વોપરીપણું, પુરુષોત્તમ પણાના માહાત્મ્ય જ્ઞાનની ધારદાર





શ્રી પ્રાગજી મહારાજ



શ્રી પુરુષોત્તમ મહારાજ

વાતો કરી, જે "સ્વામીની વાતો" નામના મહાગ્રંથથી પ્રસિદ્ધ છે. ત્યારપછી પ્રાગજી મહારાજ તો ફક્ત નિવૃત્તિ માર્ગને અનુસર્યા ને ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષરમૂર્તિ છે તે માહાત્મ્ય વિશેષ ગાયું. ને સબીજ જ્ઞાન પ્રવર્તાવ્યું, ત્યાર પછી હરિ ઈચ્છાથી બન્ને ધર્મ માર્ગનું સુંદર રીતે વિભાજન થયું. તેમાં પ્રાગજી મહારાજની પ્રસન્નતા ને પામેલા બે શિષ્યમાં એક ગૃહસ્થ ભાદરણવાસી પાટીદાર "શ્રી પુરુષોત્તમ ભગત" તેમાં પુરાણ સગપણ થયું. ને ભગવાનપણું-પુરુષોત્તમપણું વહન થયું. આ અણમોલ પ્રસંગની અદ્‌ભુત વિધિ સં. ૧૯૪૯ ની સાલમાં વડતાલના આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજે ગઢડામાં કરેલ મહાન યજ્ઞ મહોત્સવની પૂર્ણાહુતિના દિને થયેલ. ત્યાં યજ્ઞકુંડની અગ્નિમાંથી ભગવાનની દિવ્ય તેજોમય મૂર્તિ નીકળી ભાદરણના શ્રી પુરુષોત્તમમાં સમાઈ ગઈ. ત્યારે પ્રાગજી મહારાજ મર્મ વાણી બોલ્યા "પરાણે કોક ને ખર્ચ કરે કોક" પછી કહે "આ પુરુષોત્તમ સાથે પુરાણ સગપણ થઈ ગયું. તે જીવોના દદા દેહ દેવળમાં દેવ(પ્રભુ) પધરાવવાનું કાર્ય કરશે. મુક્તોને અક્ષરધામના અધિકારી બનાવશે. કહેતા "નિવૃત્તિ ધર્મ માર્ગ" સોંપ્યો ને બીજા શિષ્યને બોચાસણવાસી સાધુ શાસ્ત્રીજી મહારાજને પ્રસન્ન થઈ "પ્રવૃત્તિ ધર્મ માર્ગ" સોંપ્યો.

શ્રી પુરુષોત્તમ મહારાજે પ્રથમ પીજ ગામે આવી પ્રાગટ્ય બતાવ્યું ને શરૂઆતથી પૂર્ણ કળાએ સત્તા ચલાવી. તેમણે નામ પ્રમાણે કામ અને કામ પ્રમાણે નામનો ડંકો વગાડ્યો. પોતે પોતાના દેહનું નહિ પણ અનાદિ પુરુષોત્તમ નામ મહામંત્રનું ભજન કરાવ્યું ને "સ્વામિનારાયણ" મહામંત્રને બદલે "જયશ્રી પુરુષોત્તમ" મહામંત્ર આપ્યો ને એ નામનો સિક્કો જગમાં ચલાવ્યો. જે હાલ એ નામનો સિક્કો આ લોક-પરલોકમાં ચાલે છે. ને સર્વ શાસ્ત્ર પુરાણોમાં તેના સનાતન સત્ય પ્રમાણો છે. તેમણે પરાવાણી દ્વારા અતિ ઉચ્ચ કોટિનું જ્ઞાન-વિજ્ઞાન કરાવ્યું. જે "શ્રી પુરુષોત્તમ વિજ્ઞાનામૃત અને "શ્રી પુરુષોત્તમ લીલાસાગર" નામના મહાગ્રંથમાં પ્રસિધ્ધ છે. તેમણે ફક્ત મુક્ત-મુમુક્ષુઓને ખેંચ્યા. તે માટે સંપૂર્ણ નટવર વેશ ભજવ્યો. ને બાઈ-ભાઈનું સાક્ટમ કલ્યાણ કરવાનું બીડું ઝડપ્યું. તેમણે ધ્યાન ધારણા સમાધિ પ્રકરણ ચલાવ્યું. અન્ય ધર્મના ભગતોને તે તે ઈષ્ટદેવના રૂપે દર્શન કરાવતા. રામ-કૃષ્ણ, માતા - મહાદેવ, ગણપતિ, હનુમાન રૂપે ને કેટલાકને શ્રીજી મહારાજ રૂપે દર્શન દઈને પ્રગટ સ્વરૂપ ઓળખાવતા. કેટલાકને તો તેમના ઈષ્ટદેવો આજ્ઞા કરી ભાદરણ મોકલતા. સત્સંગમાં આવી અનેક ઘટના ઘટી હતી. તેમાંનું એક દષ્ટાંત અહીં આપવામાં આવ્યું.

અમદાવાદના દસક્રોઈ તાલુકામાં મીરોલી ગામના રહેવાસી શક્તિ પંથી-જગદંબા માતાના પરમ ભક્ત અંબાલાલ પટેલ હતા. તેઓ ગાવામાં ને પુરાણની કથા વાંચવા કરવામાં પ્રવિણ હતા. માઈલો સુધી સંભળાય તેવો કુદરતી સુંદર કંઠ હતો. માતા તેની ભક્તિ પર પ્રસન્ન હતા. તેમની સાથે રૂબરૂ વાતો કરતા. પરિવાર પણ વાતો સાંભળતો. તેમના પરિવારમાં પત્ની સાકરબા, પુત્રોમાં મોટા પુત્ર ચીમનભાઈ સહિત છ વસ્તાર હતા. તેમનું જીવન સાધારણ સ્થિતિવાળુ હતું. અન્ન-વસ્ત્રનું અપાર દુઃખ. એક દિવસ તેમને આ

દુઃખના નિવારણ માટે માતા સાથે જીદ પકડી, માતાએ તેમને વસ્તાર આપ્યા સુધીનું નિમિત્ત સત્તા હોઈ, એ કામ મારું નથી કરી છૂટી પડ્યા. પછી ઘણી રકઝકને અંતે ભક્તને પ્રતિજ્ઞા કરવી. પોતાના સ્વામી પ્રગટ રૂપે હાલ ભાદરણમાં પ્રગટ પુરુષોત્તમ રૂપે પ્રગટ છે. ત્યાં જવાની આજ્ઞા કરી. વળી તેમના ખેતરમાં કુવા પાસે બોરડીના ઝાડ નીચે ચરૂ છે. તે લઈ લેવાની વિધિ કહી. પરંતુ મોટા પુત્રની ટચલી આંગળી ને ટચકો મારી લોહીનું નૈવેદ્ય ધરાવવાની બાબતે સાકરબાને પુત્ર ગુમાવવો પડે એ બીકે પતિ-પત્નીને ઝગડો થયો. પછી ભગતે પુત્ર વિના એકલા જઈ અન્ય વિધિ કરી કોદાળીનો ટચકો માર્યો. કે તુરંત જ મોટા નાગનો છૂછવાટો થયો. તે બધુ મુકી નાસીને ઘેર આવ્યા. પછીથી તેઓ ભાદરણ આવી પ્રગટ પ્રભુશ્રીના આશ્રિત થતાં પરમ સુખિયા થઈ આ લોકે-પરલોકે સુખિયા થયા. તેમનો પરિવાર પણ હાલ સત્સંગમાં મોખરે છે. શ્રી ચીમનભાઈ પોતે ભાદરણ સંસ્થાનું મહંતપદ ધરાવે છે. વળી એક બીજુ ઉદાહરણ છે કે, બોચાસણ શાસ્ત્રીજી મહારાજ નો ૧૪ વર્ષ સુધી સમાગમ કરનાર એવા ભરૂચવાસી ગણપતરામ મહાશંકર તે સમયે લાખોના આસામી હતા. તેઓ ભાદરણ પુરુષોત્તમ મહારાજની પરીક્ષા કરવા છ પ્રશ્નો લખીને આવ્યા. આ તો અંતર્યામી તે ચાંદીના હિંચકા ઉપર બેઠાં બેઠાં વાતચીતોમાં જ પેલા છએ પ્રશ્નોનો ઉત્તર કરી નાખ્યો તેથી આશ્ચર્ય પામી પગમાં પડી ગયા. ત્યારે રાજી થઈ શ્રીજી સ્વરૂપે દર્શન દીધાં ને નિશ્ચય કરાવ્યો. તેઓ અવારનવાર બોચાસણ મંદિરમાં ઉત્તમ પ્રકારનો થાળ આપતા હતા. તેથી પુરુષોત્તમ મહારાજને ઉત્તમ પ્રકારની રસોઈ માટે પ્રાર્થના કરી. ત્યારે મહારાજે ખિચડી ને છાશ ઉત્તમ રસોઈ કહી, ત્યારે તેમણે પ્રશ્ન કર્યો. તો મહારાજે કહ્યું કે ઘી-ખાંડવાળી રસોઈથી તમોગુણ વ્યાપે તેથી ભગવાનમાં વૃત્તિ રાખવામાં સુખ ન આવે. તેથી તે કનિષ્ટ ભોજન છે. ને દાળ-ભાત રોટલી તે મધ્યમ છે. તે ખિચડી ને છાશ (કઢી) તે ઉત્તમ ભોજન છે. ને સત્ત્વગુણ વ્યાપે તેથી ભગવાનમાં વૃત્તિ સહેજે રહે. તેથી તે આશ્ચર્યમાં મુકાઈ ગયા. છતાં ભાવને જોઈ મહારાજે એક મીઠાઈ સાથેની રસોઈનો થાળ કરવા રજા આપી. એ પછી ગણપતરામ મહાશંકર ફરીવાર બોચાસણ ગયા જ નહીં, શ્રી પુરુષોત્તમ વિજ્ઞાનામૃતમાં તેમના વિશેનું પ્રકરણ છે.

શ્રી પુરુષોત્તમ મહારાજે મુક્ત-મુમુક્ષુઓ એવા પોતાના આશ્રિત ભગતોને અક્ષરધામના અધિકારી બનવા માટે વર્તવાના નિયમો રૂપે "મુક્ત ની શિક્ષાપત્રી" તથા "ગુરુ જ્ઞાન ગીતા" પ્રસિધ્ધ કરી. જે વાંચવાથી નિર્વિકલ્પ નિયમોના પ્રવાહ રૂપ એવા આ નિવૃત્તિ ધર્મ માર્ગ (ભાદરણ સંસ્થા) ના સિધ્ધાંતો/રહસ્યો જણાઈ આવે છે ને ખરેખર ખરો વીરલો હોય તે જ આ પ્રમાણે પાર પામી શકે. સંસારમાં ચીલાચાલુ જીવન જીવનારાને મનગમતી મોજો માણનારાને મનગમતા ઈષ્ટદેવમાં ગાડરીયા પ્રવાહની માફકવાડા બાંધી ભજન કરવાવાળાનો તોટો નથી. એ તો પ્રાથમિક શાળા જેવું છે. જે અસંખ્ય ટોળા ભેગા કરીને બેઠા છે. આ સંસ્થામાં તો કોલેજને પીએચડી સમાન પ્રગટ ઉપાસના નો માર્ગ છે. આ માર્ગ સુધી તો ખરે ખરો વીર પુરુષ કુંવારી વૃત્તિ રાખી ને "આ દેહ ધન સ્ત્રીને માન સારું નથી ધાર્યો. તપ કરીને ભગવાન રાજી કરવા ધાર્યો છે." આમ મુક્તની શિક્ષાપત્રી મુજબ વર્તનને અનુસરનારો મુક્ત હોય તે જ આટલે સુધી પહોંચી શકે છે. તે નિર્વિવાદ બાબત છે. ઝાઝી સંખ્યા ભરાય ત્યાં ભગવાન હોય તેવું નથી. પાંચ પાંડવો સાથે જ કૃષ્ણ હતા. તે મુજબ પૃથ્વીને વિશે ભગવાનનું પ્રગટપણું હોય ત્યાંની રીત અલૌકિક હોય. ને સમર્થ થકા જરણાં કરે (ગ.પ.૨૭ મુજબ) માટે એ તો પૂર્વ જન્મના ભારે પુણ્યના સંસ્કારવાળો જીવ હોય તોજ જોગ થાય. (વર. ૧૯ મુજબ) ને શ્રી પ્રાગજી મહારાજના દૃષ્ટાંત મુજબ અનંત જન્મ સુધી પરોક્ષમાં ભક્તિ કરી તે મીંડા વાળ વાળ કર્યા તે ભક્તિના પૂન્યને લઈ કોઈ જન્મે એકડો ભાગાવનાર પ્રગટ પ્રભુશ્રીનો એકાંતિક ભક્ત મળે ત્યારે





**શ્રી નારાયણ મુની મહારાજ**

નવો જન્મ થયો કહેવાય પછી મન-કર્મ-વચને જીવ સોંપી પ્રયત્ન કરે ને પાટો ગોઠે ત્યારે પેલા મીડાં વાળેલા તે સાચા થાય. ને પછી દશ ગણી ભક્તિ પ્રગટના પ્રતાપે ગુણાકારમાં વધે. પણ પ્રગટના માર્ગમાં સાવધાની પણ તેટલી જ રાખવી પડે છે. જો જાણપણારૂપ દરવાજો ના સાચવે ને વળી ભગવાન કે ભગવાનના ભક્તમાં મનુષ્યભાવ ફરી વળે ને ઈર્ષ્યા, અભાવ, અવગુણ ફરી વળે તો દ્રોહ થાય, તેથી તેટલી જ ઝડપે ગુણાકારમાં ભક્તિ નાશ પામે છે. માટે સેવા-ભક્તિ-સમાગમ-કથા-વાર્તા-ભજન વગેરે તમામ ધર્મ સબંધી ક્રિયા કરવી તે ફક્ત જીવના કલ્યાણને અર્થેને ફક્ત પ્રભુશ્રીની પ્રસન્નતાને અર્થે જ કરવી. પછી અંતે નિર્ગુણ - નિર્વાસનિક થતાં અક્ષરધામના અધિકારી થવાય છે. (શ્રી ના. મુનિ મહારાજે સંતોને આપેલ વચનામૃત ગ.પ્ર.૪,૬૨,૭૧,૭૨,૭૫ વગેરે અનુસંધાન)

શ્રી પુરુષોત્તમ ભગવાનના સિદ્ધાંતો-રહસ્યો અને પ્રયોજનને જાણનાર દીર્ઘદષ્ટિવાળા તો તેમના પુત્ર શ્રી નારાયણ હતા. તેમના લક્ષણ તો જન્મતાંવેંત પારણામાં જણાઈ આવેલા. બાળપણથી પોતાના આત્માના તેજને દેખતા હતા. બાળપણમાં પિતા પુરુષોત્તમ ભગવાનનો હાથ પકડી કહે જે "મારા પેટમાં ચાંદરણી જેવું શું દેખાય છે ?" તે જ તેમનું અસાધારણ લક્ષણ હતું. ભાદરણ સંસ્થાના પ્રગટ ઉપાસના વાળા હરિભક્તો માટે તો ગૌરવવાળી, ધન્યતા ને અહોભાગ્યની ઘટના બની. તેઓ ભરતજીની પેઠે બાળપણથી જ અપૂર્વ બીજબળવાળા હતા. નાનપણથી તેમનામાં દૂરદ્રષ્ટિ હતી. ભીંત પાર તેઓ જોઈ શકતા. એમના પૂર્વના બીજબળ વિશે એક બીજો પ્રસંગ છે. એક વાર એક હરિભક્ત પુરુષોત્તમ મહારાજ પાસે આવી કહે જે "મહારાજ મારા પૂર્વજો તરફથી મને એક મકાન વારસામાં મળેલું છે. તેમાં પુષ્કળ ધન દાટેલું છે તેમ કહેવાય છે. પરંતુ એક સર્પ ત્યાં રહે છે તે ખોદવા દેતો નથી. જો એ ધન મળે તો હું આપને અડધો ભાગ આપું. આ વાતચીત ચાલતી હતી ત્યાં બાળ સ્વરૂપ નારાયણ હાજર હતા. તેમણે મહારાજને કહ્યું કે "મને તે બધું ધન અહીંયાથી દેખાય છે. કોથળીઓમાં ભરેલું છે. બધી કોથળીઓ લાઈનસર ગોઠવેલી છે. તમો કહો તો હું લઈ આવું." શ્રી પુરુષોત્તમ મહારાજે હસતાં હસતાં કહ્યું "ના ભાઈ, એ આપણું કામ નહિ." તેમને પિતા પુત્રનો સંબંધ અદ્રશ્ય કરી ગુરુ-શિષ્ય નો સંબંધ દૃઢ કરી તેર વર્ષ તપશ્ચર્યા કરી. (વ.ર.૩) પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાનની પ્રસન્નતાને પામ્યા. આ સમયમાં પ્રાગજી મહારાજના સ્વમુખના વચનો મુજબ સો-બસોની સંખ્યામાં બ્રહ્મરૂપ થઈ ગયા હતા. પણ શ્રીનારાયણ મુનિ મહારાજની સંપૂર્ણ પાત્રતાને ઉર્ધ્વગત સ્થિતિ જોઈ પરબ્રહ્મ પિતા પુરુષોત્તમની પ્રસન્નતા થઈ. વળી પુરુષોત્તમ મહારાજ પ્રસંગો પાદ કહેતા જે "સુથારનો છોકરો સુથાર, લુહારનો છોકરો લુહાર તેમ ભગવાનનો છોકરો ભગવાન." એમના આશ્રિત ભક્તોને પોતાની હવે પછી કોનામાં પ્રસન્નતા છે. તે સહજ રીતે કહેતા. તેવા બીજા પણ સંકેતો છે. શ્રી મુનિ મહારાજે "બ્રહ્મવિદ્યા ની શાળા" એવી ચલાવી કે ગૃહસ્થ બાઈ-ભાઈને ભગવાન ભજવા માટે સરળમાં સરળ રીત બતાવી. અપાર લાડકોડ લડાવ્યા ને અપાર દયાળુ સ્વભાવ. તેથી ભગતોએ લહેર કરી. ભગતો દુઃખની વાતનો પત્ર લખી ટપાલપેટીમાં નાખતાંની સાથે જ દુઃખ દૂર થઈ જાય. ભક્તો ધંધો નોકરી કરતાં જ્યાં સંભારે ત્યાં હાજર થઈ કામ કરતા. ભક્ત ભજન કરે તો, તેવા ભક્તના ઘરબાર, ખેતીવાડી, વેપાર, ધંધો પોતે સાચવી લેતા. ભગતોનો રોગ પોતે લઈ લેતા ને ભગતોને ભજન કરવા સુખ કરી આપતા. તેમનો ભક્તોને લાડ લડાવવાનો ફાળો હોય તો સૌથી વિશેષ છે.



શ્રી ડાહ્યાભાઈ મહારાજ

**સંકેત : શ્રી નારાયણ મુનિ મહારાજે કલમો. શ્રી ડાહ્યાભાઈ મહારાજને આપી !**

શ્રી નારાયણ મુનિ મહારાજની સંપૂર્ણ પ્રસન્નતા ને મેળવી હોય એવા અતિ એકાંતિક સંત શિરોમણી બાકરોલ નિવાસી શ્રી ડાહ્યાભાઈ શંકરભાઈ પટેલ મોખરે હતા. તેઓ અત્યંત તીવ્ર વેગીલા હતા. વચનો અધ્ધર ઝીલી લેતા. શ્રી નારાયણ મુનિ મહારાજની આજ્ઞાના માર્મિક વચનો સમજી ગયા. જે ઘડિએ જેવી આજ્ઞા થાય તે પ્રમાણે અનુસરવા-વર્તનમાં મુકવા તત્પર રહેતા. કઠિન તપશ્ચર્યા કરી. રોટલો - પાણી પ્રિય ભોજન થયું. અષ્ટ પ્રકારે બ્રહ્મચર્યનું પાલન કર્યું. ધર્મપત્ની માણીબા નો ભુલથી પગ અડે તો પૈસો દંડ પ્રભુશ્રીને આપતા. વચનામૃતનો સાર ગુટકો સાથે જ રાખતા. (જે મુક્તની શિક્ષાપત્રીમાં આપેલ છે.) (ગ.પ્ર.૧ અને કા. ૭ મુજબ મૂર્તિમાંથી વૃત્તિ તૂટે તો દંડ આપતા. શ્રી નારાયણ મુનિ મહારાજે આપેલી કલમોનું યથાર્થ પાલન કર્યું. કિટ મટીને થાય ભમરી એ દૃષ્ટાંતે "હું તે તું ને તું તે હું" - પુરુષોત્તમની સાધર્મ્યપણા પામ્યા. એક વખત શ્રી નારાયણ મુનિ ભગવાને દર્શન દીધાં "હવે કલમો બાળી ધર્મધુરા સંભાળવાનો આદેશ આપ્યો" શ્રી નારાયણ મુનિ મહારાજ અંતર્ધ્યાન થયા પછી સત્સંગ મંડળમાં ઘેર ઘેર શ્રી મુનિ મહારાજ સહિત દર્શન દીધા ને હવે શ્રી ડાહ્યાભાઈ મહારાજ દ્વારે ભજન કરવાનો સત્સંગમાં આદેશ આપ્યો. વળી પ્રગટ સ્વરૂપ ઓળખવાની તત્પરતાવાળા તમામ ભગતોને દર્શન આપ્યા. ઘણાખરા ભગતોને તો શ્રી પુરુષોત્તમ મહારાજ, શ્રી નારાયણ મુનિ મહારાજ અને વચ્ચે શ્રી ડાહ્યાભાઈ મહારાજ સહિત સાક્ષાત દિવ્ય દર્શન કરાવ્યા. ને શ્રી ડાહ્યાભાઈ મહારાજને ધર્મધુરા સોંપી છે. તે વાતની સ્પષ્ટતા કરી. જેથી ભાવવાળા હરિ ભક્તોના શંસય દૂર થતા નવું ચેતન આવ્યું. અને તા. ૨૨-૨-૧૯૫૪ ના રોજ પ્રગટ પુરુષોત્તમ સ્વરૂપે સ્વતંત્રપણે અક્ષરાતીતની ચાલતી ગાદીના વણમાગ્યા અધિકારી થયા. ને હરિ ભક્તોના મન જીતી લઈ અપાર અક્ષર સુખ-શાંતિ-આનંદ ના અનુભવને આપતા થકા વિરાજમાન થયા. ત્યારે હરિ ભક્તોએ આનંદ વિભોર બની અબિલ-ગુલાલ સહિત પ્રાગટ્ય ઉત્સવ કર્યો. તેમણે હરિભક્તોને આ લોકે-પરલોકે અપાર સુખ-સમૃદ્ધિવાળા કર્યા.

આમ અક્ષરાતીત પ્રગટ પુરુષોત્તમ ભગવાન અક્ષરધામમાંથી પૃથ્વીને વિશે વિવિધ છ હેતુઓ સાથે પધાર્યા. ને આશ્રિત મુક્ત-મુમુક્ષુઓને છ પ્રકારનો નિશ્ચય પૂર્ણ કરાવી, કારણ શરીરનો નાશ કરાવી, કલ્યાણ કરવા માટે પ્રયોજન અનુસાર છ સ્થળે રહ્યા. ને છ દ્વારે વિચર્યા ને છ ચોપડીઓ ભણાવી. આ વિશેની મર્મ વાણીમાં શ્રી નારાયણ મુનિ મહારાજે કહ્યું છે કે "પ્રથમ ચોપડી ગઢડામાં શ્રીજી મહારાજે ભણાવી, બીજી ચોપડી જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામીએ ભણાવી, ત્રીજી મહુવામાં શ્રી પ્રાગજી મહારાજે ભણાવી. ચોથી ભાદરણમાં શ્રી પુરુષોત્તમ મહારાજે ભણાવી ને પાંચમી ચાલે છે ને છઠ્ઠી ચોપડી ભણાવીને પૂર્ણ કરવી છે." જે રહસ્યમય દિવ્ય વાણી છે. આમ છઠ્ઠી ચોપડી બાકરોલ માં અક્ષરાતીત શ્રી ડાહ્યાભાઈ મહારાજે ભણાવી પૂર્ણ કરી છે. (કા. ૫ મુજબ) પ્રયોજન અનુસાર કાર્યકાળ પૂર્ણ કરી સ્વધામે સિધાવ્યા. અને છેલ્લે પોતાના આજ્ઞાંકિત આશ્રિત સંતોને હવે ફોટો મુકીને ભજન કરવાની આજ્ઞા કરી.

**સંકેત :** પોતે અતિ પ્રસન્ન થઈને સંતોને પ્રસાદી રૂપ પોતાની પ્રતિમા આપી. વળી તેમાં અખંડ રહીને સર્વેના મનોરથો પુરા કરવા અભય વચન આપ્યું. જે પ્રસાદીની પ્રતિમા હાલ અમદાવાદ અક્ષરભુવન-મંદિરમાં છે. જેમાં દિવ્યતા પણ અપાર છે. તેની હરિ ભક્તોને અનુભૂતિ થાય છે. આ પ્રતિમા પરથી બીજી પ્રતિમાઓ કઢાવી હરિભક્તોની માંગ સંતોષવામાં આવી રહી છે. વળી અચળ મુકામ બાકરોલ-મંદિરમાં પ્રગટ પુરુષોત્તમ ભગવાન પ્રત્યક્ષ મૂર્તિ દ્વારે પ્રગટરૂપે અખંડ વિરાજમાન છે.

પ્રકાશક.



# પ્રગટ પુરુષોત્તમ ભગવાનનું પ્રગટ સ્વરૂપ હોય ત્યાંની વિશેષતા

સંક્ષિપ્ત પરિચયમાં દર્શાવ્યા મુજબ સ્વયં પૂર્ણ પુરુષોત્તમ સહજાનંદ સ્વામી અને ત્યાર પછીની ગુરુપરંપરામાં અક્ષરધામના જ મુક્તમાં પ્રગટ પુરુષોત્તમ સ્વયં પ્રગટ સ્વરૂપે સમગ્ર ઐશ્વર્ય સહિત જ વિચર્યા હોવાથી આ છ ગુરુપરંપરા વિશે અવતાર-અવતારીનો ભેદ નથી. ને આ પ્રગટ સ્વરૂપને બીજા અવતાર જેવા જાણે તો ભગવાનનો દ્રોહ કર્યો કહેવાય. તેમાં સંતના સંપૂર્ણ લક્ષણો હોય. જ્યાં પ્રગટ સ્વરૂપ હોય ત્યાંની વિશેષતા નીચે મુજબ છે.

૧. પ્રગટ પુરુષોત્તમ ભગવાન વડવાનળ જેવા અક્ષર મુક્તમાં જ પ્રગટપણે રહે છે. તે મૂર્તિ સ્વયં ભગવાનની કહેવાય. ને તે થકી વિષય ખોટા થાય. તેનું ધ્યાન, ભજન થાય. તેમાં નવો નવો સ્વાદ આવ્યા જ કરે. ને તે દિન દિન પ્રત્યે વધે. તે ધ્યાન, ધારણા, સમાધિરૂપ ચમત્કાર હોય જ. (શ્રી પુરુષોત્તમ વિ. પાના નં. ૧૫૨)

૨. દર્શન માત્રથી ત્રિવિધિ તાપ શમી જાય. ને અંતરમાં પરમ શાંતિરૂપી સુખ વર્ત્યા કરે.

૩. સૂર્ય ઊગે તે છાનો ન રહે ને પોતાના મુક્ત-મુમુક્ષુઓને તરત ખેંચી લે ને પ્રયોજન અનુસાર વર્તાવે છે.

૪. ભગવાન હોય તે ઐશ્વર્ય દાબીને જ વર્તે ભગવાનપણું છુપાવીને રાખે કહેતા સમર્થ થકા જરાણાં કરે. (ગ.પ્ર. ૨૭ મુજબ)

૫. ફક્ત સંભારવાનું કહે ને વગર દિવાએ દર્શન દઈશ તેમ કહે ને અંત ઘડીએ બિરુદ પ્રમાણે તેડવા આવીશ. તે અગાઉથી કહીને શોળે શણગારે સહિત સ્વતંત્ર થકાં આવી, દર્શન દઈ અક્ષરધામમાં તેડી જઈશ તેમ સ્પષ્ટ કહે. અને તે દિવસે અને સમયે આવી તેડી જાય છે.

૬. વડવાનળ જેવા એક જ હોય પ્રગટેલાની જોડ આખી દુનિયામાં ના મળે, પ્રગટેલા ભગવાન ના આશ્રિતનો કોઈ આશ્રિત થાય, પણ ગુરુ થવા સમર્થ થાય નહિ. (શ્રી પુ. વિ. પાના નં ૨૮૫)

૭. ગુરુ હોય તે વાંચી વાંચીને જ્ઞાન કરે. ને સદ્‌ગુરુ (પ્રગટસ્વરૂપ) ને શાસ્ત્ર ન જોઈએ. શાસ્ત્રમાં જે લખ્યું હોય તે બધું દેખાડી દેવું. મરીને જ્યાં જવાનું છે તે જીવતાં દેખાડી દેવું. તે સદ્‌ગુરુનું કામ તે સદ્‌ગુરુ કહો કે ભગવાન કહો, કારણ કે જોયું છે, ને જોઈ આવ્યો છે. દેખે છે ને તે દેખાડે છે. ન ગયા હોય તે શું દેખાડે? આ સદ્‌ગુરુનું કાર્ય બીજાથી ન થાય. એકજ વાત કહેવાની કે, જીંદગીમાં જોવા જેવું છે, કેમ કે પ્રભુ એક જ છે. તેનો જેવો બીજો કોઈ નહીં. (શ્રી પુ.વિ. પાના નં.૨૭૩)

૮. મહુવાના પ્રાગજી મહારાજનું દૃષ્ટાંત જે હું હવે માથે છેડો નાખીને અલગપણે ખેલીશ. બાઈ-ભાઈનું સાકટમ કલ્યાણ કરીશ. હવે, સાધવામાં પેશ નહિ જાય. ને હવે "આખો ભગવાન

થઈશ'' તે શું તો જે હજી થયા નથી. થઈશ કહેતાં પૂર્ણ પ્રતાપે વર્ત્યા નહોતા. તે ભાદરણમાં શ્રી પુરુષોત્તમ ભગવાન થયા તે પૃથ્વી પરના અત્યાર સુધીના શાસ્ત્રોમાં જે જે લખ્યું છે તે તે વાતનો પ્રત્યક્ષ અનુભવ કરાવ્યો, આ વાત શ્રી પુરુષોત્તમ વિજ્ઞાનામૃતમાંથી સંત સમાગમે સમજી શકાશે.

૯. ગુરુ તો જીવે ઘણા કર્યા હશે. આ તો સદ્‌ગુરુ છે. ગુરુની વ્યાપક શક્તિ નહીં. બીજી ગતિ નથી. આ સદ્‌ગુરુ તો ઘટઘટમાં વ્યાપક છે. જ્યાં બોલાવો ત્યાં હાજર થાય, એવું સુખ વર્તે કે પ્રભુ વિના બીજામાં સ્વાદ મનાય જ નહિ. આ મેળાપ થયો ને મોઢું જોયું એટલે આજ સુધી બધા ગુરુ કહેવાય, તે શાસ્ત્ર વાંચી જ્ઞાન કરે ને કરવાનું બતાવે, ને આ તો કરવાનું ના કહે. મોઢું જોવાનું કહે. (શ્રી પુરુષોત્તમ વિ. પાના નં. ૨૭૭)

૧૦. કોલસામાં અગ્નિ નો પ્રવેશ હોય તે અગ્નિનું કામ કરે છે. તેમ આ દેખાય છે માણસ જેવા, પણ કામ પ્રભુનું કરે છે. હું કંઈ અહીંજ છું એમ નથી. સર્વત્ર છું, તમારે ઘેર આવીને દર્શન દઈશ. ત્યારે મનાશે. ધીરે ધીરે તે જ વધે. પ્રથમ માણસ દેખાય એટલું જ તેજ દેખાય પછી ધીમે ધીમે વધે, તે ફાટી જવાય. તે માટે વાત કરી તે વિચારજો ભૂત નથી એમ ઓળખજો, આ ઓળખી મૂક્યો હોય તો એમ થાય કે આ ભૂત નથી, પ્રભુ છે. એટલે તમારી મુક્તિ થઈ રહી.

(શ્રી પુ.વિ. પાના નં. ૨૭૯)

# પ્રગટ પુરુષોત્તમ ભગવાનના મુક્તોની વિશેષતા

૧. પ્રગટ પુરુષોત્તમના સંબંધને પામ્યા એવા દ્રઢ આજ્ઞા-ઉપાસનાવાળા સંતો ભગવાનના પ્રતાપે અતિ સમર્થ હોય છે. પણ ભગવાનના દાસ ભાવે, સ્વામી સેવક ભાવે જ વર્તે છે.

૨. ભગવાનના પ્રતાપે કરીને દૂર દ્રષ્ટિ, દૂર ગમન, દૂર શ્રવણ, ને અગ્નિ બાળે નહિ, જળ બુડાડે નહિ, ઝેર ચડે નહિ જેવી સ્થિતિવાળા સંતો જોવા-સાંભળવા મળે. (તે પ્રભુ પ્રતાપે અષ્ટસિધ્ધિ પ્રાપ્ત થાય છે.)

૩. જ્ઞાન ની સ્થિતિમાં બધુ સમ થાય, માન-અપમાન, કચરો ને કંચન, રૂપિયાને કાગળ સરખા લાગે. સ્ત્રી-પુરુષ સરખા થાય, સૌ બહ્મની મૂર્તિ જણાય.

૪. પ્રગટના સંબંધને પામ્યા જે હરિભક્તો સિંહના બચ્ચાનાં દ્દષ્ટાંતે કોઈના વાડામાં પુરાઈ રહે નહીં. ને કંઠી - તિલક આદિ બાહ્ય ચિહ્નનું બંધન ન હોય, પોતાને બ્રહ્મરૂપમાની પરબ્રહ્મ પુરુષોત્તમની ઉપાસના કરે.

૫. પહેલા નિશ્ચયમાં ભગવાનના લીલાચરિત્ર સંભારે મન શાંત રહે અને આનંદમાં રહે. બીજા નિશ્ચયમાં આત્મા- પરમાત્માનું જ્ઞાન થાય અને મન શાંત રહે અને ભગવાનને વળગી રહે. ત્રીજા નિશ્ચયમાં પંચવિષયનો અભાવ આવે અને ઉદાસ થઈને રહે. ચોથા નિશ્ચયમાં મનુષ્યરૂપ મૂર્તિમાં હેત થાય. અને મૂર્તિમાં વળગી રહે. પાંચમા નિશ્ચયમાં અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ઉપાસના કરે. છઠ્ઠા નિશ્ચયમાં વડવાનળ જેવા સંત થાય. વડવાનળ જેવા ઘણા થાય પરંતુ તેમાંથી ભગવાન એકને વળગે તે જ ભગવાન કહેવાય. ભગવાનને વળગનારા ઘણા હોય છે પરંતુ ભગવાન જેને વળગે તે ભગવાન કહેવાય.



# સિધ્ધાંત રૂપ - રહસ્યમય વાત

## (અનાદિ પુરુષોત્તમ નામ માહત્મ્ય)

૧. સહજાનંદસ્વામીના ગુરુ ઉધ્ધવનો અવતાર એવા રામાનંદ સ્વામી પોતે સહજાનંદ સ્વામીને સ્વયં પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ સમજતા હતા. ને આ પુરુષોત્તમના આધારે જ સમગ્ર જીવ પ્રાણી કાર્ય કરવા સમર્થ છે. તે વાતનું રહસ્ય પણ જાણતા હતા. આ વાર્તા રામાનંદસ્વામીએ પોતાના શિષ્યો મુક્તાનંદસ્વામી વગેરેને કરી હતી. ''અમે તો ડુગ ડુગી વગાડનાર છીએ ને ખરા ખેલના ભજવનાર આ સહજાનંદસ્વામી છે. (હરિ ચરિત્રામૃત સાગર માંથી)

૨. ''આજ તો મેરા પ્રયોજન યે હી હે, જ્યો અવિદ્યાકું નાશ કરના, જીવકું બ્રહ્મરૂપ કરના, ઈસ પ્રયોજન વાસ્તે મેં પ્રગટ હુઆ હું'' - **સહજાનંદસ્વામીનો પત્ર**

૩. મહારાજ ને પુરુષોત્તમ જાણ્યા વિના અક્ષરધામમાં જવાય નહિ ને બ્રહ્મરૂપ થયા વિના મહારાજની સેવામાં રહેવાય નહીં.

-જીવ બીજે ક્યાંયે અટકતો નથી. મહારાજને પુરુષોત્તમ કહેવા તેમાં અટકે છે.

**- ગુ. સ્વામી વાતો.**

૪. અનાદિ પરમાત્માનું નામ પુરુષોત્તમ છે. તેનું ભજન કરીએ છીએ કારણ કે અનાદિ નામ રામ કૃષ્ણાદિક હોય તો તેનો મહિનો આવે, પણ અનાદિ નામ પુરુષોત્તમ છે. તેથી પુરુષોત્તમ મહિનો તેરમો આવે છે. **શ્રી. પુ. વિ. પાનાનં. ૨૭૨**

૫. પુરુષોત્તમમાંથી સર્વે અવતાર થાય છે. ને તેમાં સર્વે લીન થઈ જાય છે. એક પુરુષોત્તમ જ રહે છે. માટે એક પુરુષોત્તમ જ અનાદિ છે. માટે પુરુષોત્તમ પુરુષોત્તમ ભજન કરવું. તો તમારા મનોરથ પુરા થશે. પુરુષોત્તમ પુરુષોત્તમ થોડું કરે, તો થોડા મનોરથ પુરા થાય. ને વધારે સંભારો એટલે અખંડ પુરુષોત્તમ પુરુષોત્તમ કરો તો બધા મનોરથ પુરા થાય. એક પણ ખાલીના જાય. એવું કરવાનો મારે માથે હક્ક છે. માટે પુરુષોત્તમ પુરુષોત્તમ ભજન કરવું તે બધી ઈચ્છાઓ પૂરી કરીશ.

**(શ્રી પુ. વિ. પાના નં. ૩૨૦)**

૬. દરેક અવતારે નામીને બદલે નામનું ભજન થયું, તે રામની ફોઈએ રામલો નામ પાડ્યું તે રામરામ ભજન થયું. ને કૃષ્ણનું પણ તેમજ. ને શ્રીજી મહારાજ વખતે સ્વામિનારાયણ ભજન થયું. ને હજારો વાર કહ્યું કે, હું પુરુષોત્તમ છું પરંતુ કૃષ્ણ જાણ્યા પુરુષોત્તમ જાણ્યા નહિ. ને મારી ફોઈએ પસલો નામ હરિ ઈચ્છાથી પાડ્યું. પરંતુ જો બીજું પાડ્યુ હોત તો પણ પુરુષોત્તમનું જ ભજન થવાનું હતું. - **શ્રી પુરુષોત્તમ મહરાજ (પુ.વિજ્ઞાનામૃત માંથી)**

(સત્સંગમાં ''જય સ્વામિનારાયણ'' મહામંત્રને બદલે ''જયશ્રી પુરુષોત્તમ'' મહામંત્ર બોલવા તથા કંઠી - તિલક જેવા બાહ્ય ચિહ્ન પોતે દૂર કરી શ્રી પુરુષોતમ મહારાજે કરેલ આજ્ઞાની વાતનો પ્રસંગ સત્સંગમાં પ્રચલિત છે.)

૭. હવે ફોટો મૂકીને ભજન કરવું ને એક પુરુષોત્તમ પુરુષોત્તમ ભજન કરવું. ગજ હાથ અધ્ધર આવે

તો આ પુરુષોત્તમ નામ મૂકવુ નહીં. આ પુરુષોત્તમ મહામંત્ર એ અહીંથી અક્ષરધામ સુધીનો સરળ માર્ગ છે. વચ્ચે કોઈ વિઘ્ન નથી. ને જો રામ રામ કરશો તો વૈકુંઠમાં જશો ને કૃષ્ણ-કૃષ્ણ કરશો તો ગૌલોકમાં જશો ને નારાયણ-નારાયણ કરશો તો બદ્રિકાશ્રમમાં જશો. પણ એક પુરુષોત્તમ-પુરુષોત્તમ કરશો તો નિર્વિઘ્ને અક્ષરધામમાં જ જવાશે. (ગ.અં. ૨)

**- અક્ષરાતીત શ્રી ડાહ્યાભાઈ મહારાજ.**

(અમદાવાદ - શાહપુર, અક્ષરભુવન મંદિરમાં સત્સંગમાં બોલાતા ''જયશ્રી નારાયણ'' ને બદલે ''જયશ્રી પુરુષોત્તમ'' બોલવાની આજ્ઞા થયેલી તે વાતનો પ્રસંગ સત્સંગમાં પ્રચલિત છે.)

## પ્રગટ પુરુષોત્તમ (ભાદરણ સંસ્થા) ની વિશેષતા.

૧. **ઓછી પ્રવૃત્તિ ઝાઝુ ભજન** : આ સંસ્થામાં ભાદરણ - બાકરોલ અને શાહપુર ત્રણ સ્થાન પ્રગટ પુરુષોત્તમ ભગવાનના જન્મ તથા પ્રાગટ્ય એવા અતિ પવિત્ર શ્રેષ્ઠ દિવ્ય યાત્રાધામો છે. જ્યાં દર સાલ નિમિત્ત પ્રમાણે ઉત્સવ સમૈયા થાય છે. અહીં ઓછી પ્રવૃત્તિને ઝાઝુ ભજન થાય છે. સમૈયામાં આવવા-જવા-રહેવા-જમવા-સેવા-ભજનનો લાભ વગેરે સ્વતંત્ર સુખ મેળવી શકાય છે.

૨. **ગૃહસ્થ બાઈ-ભાઈનું સાકટમ કલ્યાણ** : આ ધામોમાં ભગવાન ગૃહસ્થાશ્રમમાં પ્રગટ્યા છે. તેથી સ્ત્રી અને પુરુષ એટલે કે બાઈઓ અને ભાઈઓ બન્ને એ પ્રગટ પ્રભુની સેવા - પ્રસન્નતાનો લ્હાવો લીધો છે. ને હાલ પણ પ્રભુની આજ્ઞાનુસાર ભજન ભક્તિ કરે છે. (પૂ. મહારાજ ની આજ્ઞા કંકોત્રી અહીં પાછળ આપી છે.)

૩. **બ્રહ્મવિદ્યાની શાળા** : આ ધામો બ્રહ્મવિદ્યાની શાળા છે. જ્યાં નિર્વિકલ્પ પાઠ ચાલે છે. ''દદા દેહ દેવળમાં દેવ (પ્રભુ) પધરાવવા'' તે પ્રગટ સ્વરૂપ (બ્રહ્માંડ)ના ભગવાન અને પીંડના ભગવાન બન્ને સ્વરૂપની એકાત્મતા કરવી. મનન દ્વારા બ્રહ્મની ભાવના કરી તેના ગુણ જીવમાં લાવવા. કુંવારી વૃત્તિ રાખી નિષ્કામભાવે પ્રગટ પુરુષોત્તમની સેવા-પ્રસન્નતા માટે અંતર દૃષ્ટિ, અંતર ભક્તિ, ધ્યાન, ધારણા-ભજન કરવાનું પ્રાધાન્ય છે.

૪. **પ્રગટનાને વ્રત-તપાદિક સાધન કરવાની જરૂર નથી** : વર્ણાશ્રમ ના ધર્મ તથા જપ, તપ, તીર્થ, યજ્ઞો, વ્રત-ઉપવાસ વિગેરે સાધનો તે પ્રગટ ભગવાનને પામવા માટે કરતા હતા. તે ભગવાન પ્રગટ સ્વરૂપે મળ્યા એટલે કે જેને પામવા હતા તે જ છતે દેહે આપણને પ્રગટ મળ્યા છે. તેથી હવે ઉપરના વ્રત - તપાદિક સાધન કરવાની જરૂર નથી. પરંતુ ફક્ત જે પ્રગટ મળ્યા તેનું ભજન કરવું સંભારવું, ધારવું, ચિંતવન કરવું એજ કરવાનું છે. ને એ જ સર્વે શાસ્ત્રનો સાર છે. (ગ.અં. ૨)

૫. **લખાણી-ઉઘરાણીની પ્રથા નથી** : આ ધામરૂપ મંદિરોમાં લખાણી કે પૈસાની ઉઘરાણી કે દશાંશ-વિશાંશની માંગણીની ઉઘરાણી કરવાની પ્રથા નથી. કેમકે પ્રગટ સ્વરૂપોના જીવન ચરિત્રો-સિદ્ધાંતો-સામર્થીઓ-પ્રતાપથી હરિભક્તોમાં માહાત્મ્ય સહિત સદ્ગુણો કે અનુભવોને



લઈ તન-મન-ધનથી અને મન-કર્મ-વચને પ્રગટ પ્રભુને અર્પી સેવા પ્રસન્નતા મેળવવાના કોડ રહે છે. ને પ્રભુએ આપેલા સર્વે સુખ-સંપત્તિના પ્રમાણમાં પ્રભુશ્રીના ચરણમાં ગુપ્ત રીતે અર્પણ કરે છે. પ્રગટ ભગવાનનો પ્રતાપ જ જુદો છે. તેથી બીક પણ રાખે છે. (ગ.અં. ૧૩)

૬. **આજ્ઞા-ઉપાસના નિષ્કામ ભક્તિ** : પ્રગટ પ્રભુના લાડિલા હરિભક્તો મુક્ત-મુમુક્ષુઓ પતિવ્રત્તાના ભાવે એક જ સ્વરૂપ નિષ્ઠા, દૃઢ રાખી પ્રભુશ્રીની આજ્ઞા-ઉપાસના-ભક્તિ કરે છે. એટલે કે વચનામૃત, શિક્ષાપત્રી, મુક્તની શિક્ષાપત્રી મુજબ ભજન-ભક્તિ ફક્ત જીવના કલ્યાણ-મોક્ષ સાધી લેવાની ભાવનાથી કરવાને પ્રાધાન્ય છે.

૭. **પ્રગટના ભક્તનું માહાત્મ્ય** : પ્રગટ ભગવાન અને તેના હરિભક્તો એજ જીવનની સાચી મૂડી છે. સાચા સગા છે. સર્વે બ્રહ્મની મૂર્તિઓ છે. એવો અતિ માહાત્મ્ય સહિત દિવ્ય ગુણભાવ રાખી, (ગ.અં. ૨૪ મુજબ) સુહૃદયીભાવ ને, દાસાનુદાસભાવે ચરણ-કમળની ટેકને પ્રાધાન્ય છે. તેથી સૌ પગે નમીને ''જયશ્રી પુરુષોત્તમ'' કહેવાનો લાભ લે છે. ને વળી લગારે દોષાદિક કર્મ ન બંધાય તેની પણ તકેદારી રાખે છે. અહીં લાભનોએ પાર નથી. ને બેધ્યાન રહે તો ખોટનોએ પાર નથી.

**''અન્ય ક્ષેત્રે કૃતં પાપં, તિર્થક્ષેત્રે વિનશ્યતિ,**
**તિર્થક્ષેત્રે કૃતં પાપં, વ્રજ લેપો ભવિષ્યતિ.''**

૮. **બ્રહ્મવિદ્યા ભણાવવાની આજ્ઞા** : પુરુષોત્તમ મહારાજે કહ્યું છે તેમ 'આપણી આ બ્રહ્મવિદ્યા છે તે ભણાવવી એ અખૂટ દાન છે. તે ભગવાનની ગરજવાળાને ભણાવીએ તો તે આ લોકે-પરલોકે સુખી થાય.' ને તેથી મહારાજ કહે જે 'હું બહું રાજી થાઉં છું.'

વળી કહ્યું જે 'કાળા લોક જ્યાં સુધી વિદ્યા નહોતા ભણ્યા ત્યાં સુધી ભુરા લોકોએ ભણાવ્યું. પણ હવે કાળાએ જાણ્યું એટલે ભૂરા ભણાવવા કાંઈ આવે છે ? તેમ અમે ભણાવતા હતા, તે બીજા કોઈ નહોતા જાણતા ત્યાં સુધી, પગાર લીધા વગર ભણાવ્યું. તે અમે જેને ભણાવ્યું તે બીજાને ભણાવે છે. આપણું જ્ઞાન સાચું અને સર્વોપરી છે. તો સામાને પેસી જાય છે. શાસ્ત્રમાં બ્રહ્મવિદ્યાનું દાન શ્રેષ્ઠ કહ્યું છે.

**(શ્રી પુ. વિ. પાના નં. ૩૧૫)**

## જાણવા જેવું

**ચાર પ્રકારના ભગત** : (શ્રી પુ. વિજ્ઞાનામૃત - પાના નં. ૧૬૭)

૧. પામર ૨. વિષયી ૩. મુમુક્ષુ ૪. મુક્ત.

**- પામર : વિષયીના લક્ષણ : (ચાર જગ્યા)**

૧. નદી, તળાવ, આરા મુખની જાત્રાવાળા. દેવ-દેવી, ભૂવા, જંત્ર-મંત્ર, દોરા-ધાગા કરવાવાળા.
૨. દેવ મંદિર હોય ત્યાં પણ જાય.
૩. ઝાઝા મનુષ્ય ભરાતાં હોય ત્યાં જાય.
૪. ભગવાનને અંતરજામી ન માને પણ આકાશના ભગવાનને માને.

**- મુક્ત : મુમુક્ષુનાં લક્ષણ : (ચાર.જગ્યા)**

૧. આત્મામાં પરમાત્મા માને.

૨. બહાર ભગવાનને પ્રગટ માને, દેહરૂપ થઈને.

૩. પોતે વૈરાટરૂપ, ઈશ્વરરૂપ માનીને પરમેશ્વરને ભજે.

૪. પોતાને અક્ષરરૂપ માની પુરુષોત્તમને ભજે.

**- પામર : વિષયીની સેવા :-**

૧. ઉપરની ચાર જગ્યાએ જમાડે, ગામ, મંદિર, આકાશના ભગવાન ગમે તે જગ્યાએ જમાડે.

૨. દેવ-મંદિરમાં લખાણી-દશાંશ કઢાવે.

૩. દેહની સેવા કરે, વગર માગે માથું દાબે તેવાને જમાડે.

**-મુમુક્ષુની સેવાની રીત :**

૧. દૃઢ સાચા વૈષ્ણવ (પ્રગટના હરિભક્ત) તે જ અમારા સગા-વહાલા છે. તે સાચા સગાને જમાડવું તે સેવા.

૨. ગૃહસ્થ (ધોળા) હરિભક્તને કમાઈને ખાવું. ને ખોરાકી એકઠી કરી લેવી. પોતે પોતાનું ખાવું એ સેવા.

૩. ભગત કે સંત તેને ઘેર જવું પણ ખર્ચનો ઘસારો દેવો નહીં.

૪. સ્થિર સરખા જાગાણા-કીર્તન ગાય છે. ને ડોલે છે. (વ. મ. ૨૯ મુજબ) પ્રગટ સ્વરૂપ મૂર્તિમાં વૃત્તિ સ્થિર રાખી જોઈ રહેવું તે જ સેવા. તે જ ભક્તિ.

**- જગતના તડના ચાર પ્રકાર :**

૧. પામર : વિષયની ખબર નહીં.

૨. વિષયી : સ્ત્રીનો વિયોગ થાય તો પ્રાણનો ત્યાગ થાય.

૩. મુમુક્ષુ દુઃખ જોઈને વૈરાગ્ય થાય.

૪. મુક્ત જ્ઞાની.

**- ભગતના તડના ચાર પ્રકાર :**

૧. પામર : નદી, તળાવ, તિર્થ, મુખજાત્રા.

૨. વિષયી : મુર્તિઓ, તિર્થ, દેવયાત્રા.

૩. મુમુક્ષુ : સંત, તિર્થ, ગુરુની સેવા તે જાત્રા.

૪. મુક્ત : આત્મા-પરમાત્મા જાણવું તે તિર્થ.
આત્મામાં પરમાત્મા રહેલા છે. તે જોવા તે જાત્રા.



**અનાદિશ્રી પૂર્ણ પુરુષોત્તમ (સ્વતંત્ર)**
(એકાંતિક અક્ષરમુક્તો) (પરતંત્ર)

|

**અનાદિઅક્ષરબ્રહ્મ (પરતંત્ર)**
અનંત (મૂળ પુરુષો)

|

**: ઉત્પત્તિ સર્ગ :**

**એકજ મૂળ પુરુષ** — **મૂળ પ્રકૃતિ**

|

**અનંત કોટાન કોટિ (દસ દેવો)**

|

**૧. શ્રી વાસુદેવ નારાયણ**
(નિરન્ન મુક્તો)
**૨. શ્રી નરનારાયણ**
**૩. શ્રી કૃષ્ણનારાયણ (પ્રધાનપુરુષ)**
**૪. શ્રી લક્ષ્મીનારાયણ (પ્રકૃતિપુરુષ)**
— **ચાર નિર્ગુણ મૂર્તિઓ**

**૫. અનિરુદ્ધ**
**૬. પ્રધ્યુમ્ન**
**૭. સંકર્ષણ**
**૮. બ્રહ્મા**
**૯. વિષ્ણુ**
**૧૦. શિવ**
— **છ સગુણ મૂર્તિઓ**

|

**ઈન્દ્રાદિક દેવતા** — **અસુર** — **વિશ્વ**

૩૩ કરોડ દેવતા
૬૪ કરોડ માતાઓ (જોગણીઓ)

મૃત્યુલોક-માનવી (જીવ)

| જન્મ | | અંતર્ધ્યાન |
|---|---|---|
| **સહજાનંદ સ્વામી**<br>સંવત ૧૮૩૭<br>ચૈત્ર સુદ નોમ<br>તા. ૩-૪-૧૭૮૧ | | સંવત ૧૮૮૬<br>જેઠ સુદ દસમ<br>તા. ૨૮-૬-૧૮૩૦ |
| **ગુણાતિતાનંદ સ્વામી**<br>સંવત ૧૮૪૧<br>આસો સુદ પૂનમ<br>તા. ૧૭-૧૦-૧૭૮૫ | | સંવત ૧૯૨૩<br>આસો સુદી બારસ<br>ઈ.સ. ૧૮૬૭ |
| **પ્રાગજી મહારાજ**<br>સંવત ૧૮૮૫<br>ફાગણ સુદ પૂનમ<br>તા. ૨૦-૩-૧૮૨૯ | | સંવત ૧૯૫૪<br>કારતક સુદ તેરસ<br>તા. ૭-૧૧-૧૮૯૭ |
| **શ્રી પુરુષોત્તમ મહારાજ**<br>સંવત ૧૯૧૯<br>પોષ વદ છઠ, રવિવાર<br>તા. ૧૧-૧-૧૮૬૩ | પ્રાગટ્ય ઈ.સ. ૧૮૯૩<br>સંવત ૧૯૪૯<br>પ્રથમ પરચા પીજ મુકામે | સંવત ૧૯૯૬<br>ભાદરવા સુદ ચૌદસ, રવિવાર<br>તા. ૧૫-૯-૧૯૪૦ |
| **શ્રી નારાયણમુનિ મહારાજ**<br>સંવત ૧૯૪૯<br>વૈશાખ સુદ આઠમ<br>તા. ૨૩-૪-૧૮૯૩ | પ્રાગટ્ય સંવત ૧૯૯૭<br>કારતક સુદ દસમ<br>તા. ૯-૧૧-૧૯૪૦, શનિવાર | સંવત ૨૦૧૦<br>પોષ વદ ચોથ<br>તા. ૨૧-૧-૧૯૫૪, ગુરુવાર |
| **શ્રી ડાહ્યાભાઈ મહારાજ**<br>સંવત ૧૯૬૮<br>ફાગણ સુદ પૂનમ<br>તા. ૩-૩-૧૯૧૨, રવિવાર | પ્રાગટ્ય સંવત્ ૨૦૧૦<br>મહા વદ ચોથ<br>તા. ૨૨-૨-૧૯૫૪, સોમવાર | સંવત્ ૨૦૨૪<br>અષાઢ સુદ દસમ<br>તા. ૫-૭-૧૯૬૮, શુક્રવાર |

## ભાદરણ મૂર્તિ પ્રતિષ્ઠા :

સંવત ૨૦૧૭ મહાસુદ પાંચમ તા. ૨૧-૧-૧૯૬૧, શનિવાર

## બાકરોલ મૂર્તિ પ્રતિષ્ઠા :

સંવત ૨૦૨૮ વૈશાખ સુદ છઠ તા. ૧૮-૫-૧૯૭૨, ગુરુવાર



# શ્રી પુરુષોત્તમ મહારાજની આજ્ઞા કંકોત્રી

### (અસલ પરથી)

સંવત ૧૯૯૫ના કારતક સુદી પાંચને શુક્રવાર તા. ૨૮-૧૦-૩૮ ને રોજ પુરુષોત્તમના ભાઈબંધ ભાદરણ ભેગા થશે. પાંચ દિવસ રહેશે. આખા ગામને આવવાની રજા છે.

બીજુ જાહેર ખબર જે, જેના કબજામાં રહીએ તે જે ઘડીએ જેમ કહે તેમ કરવું. તો જ તેના તાબામાં રહેવા દે નહિ તો કાઢી મૂકે માટે ભાદરણ જેને આવવું હોય તેને મુખ્ય વાત તો એ જે, પુરુષોત્તમના મુકામમાં રહેવું હોય તો બાઈ-ભાઈને ભેગું, અડવું, બોલવું, બેસવું, સૂવું નહિ. આ એક વાત તો મુખ્ય છે. ને બીજું જે ઘડીએ જેમ કહે તેમ કરવું પડશે. આવો ઠરાવ હોય તો ભાદરણ આવવું નકર આવશો નહિ.

**લી. પુરુષોત્તમ મહારાજ**

॥ જયશ્રી પુરુષોત્તમ ॥

## સમૈયાની યાદી

### ભાદરણ - મંદિર

૧. મહા સુદ ૫-૬ (વસંત પંચમી) : મૂર્તિ પ્રતિષ્ઠા નિમિત્તે
૨. ભાદરવા સુદ ૧૪-૧૫ : શ્રી પુ. મહારાજની સંવત્સરી નિમિત્તે

### બાકરોલ - મંદિર

૩. કારતક સુદ ૧૪-૧૫ (દેવ દિવાળી) : પ્રભુશ્રીની ઈચ્છાનુસાર
૪. વૈશાખ સુદ ૫-૬ : મૂર્તિ પ્રતિષ્ઠા નિમિત્તે

### ચચેર - મંદિર (છોટા ઉદેપુર)

૫. ચૈત્ર સુદ ૯-૧૦ (રામનવમી) : પ્રભુશ્રીની ઈચ્છાનુસાર

(તા.ક. : આજુ-બાજુના ગામમાં અઠવાડિયા સુધી ભજનનો કાર્યક્રમ થાય છે.)

અઠવાડિક સત્સંગ સભા

**શાહપુર મંદિર** : રવિવારે સાંજે ૪-૦૦ થી ૬-૦૦ કલાક
**બાકરોલ મંદિર** : શનિવારે રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ કલાક